માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમુહ લગ્ન યોજના.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ SCW/10/2015/576586/G
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૪/૧૦/૨૦૧૬

વંચાણે લીધા.

(૧) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, (સ.ક.પ્રભાગ) સચિવાલય,ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક.પરચ/૧૦૯૮/૬૭૪/ગ, તારીખઃ-૨૯/૪/૯૮

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગરના સુધારા ઠરાવ ક્રમાંકઃ એસ.સી.ડબલ્યું./૧૦૯૮/૮૪૨/ગ, તા.૫/૨/૯૯

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગરનો ઠરાવ નં.પરચ/ ૧૦૨૦૦૦ /ન.બા-/૩૪/ગ, તા.૩/૧/૨૦૦૧

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગરના ઠરાવ નં.પરચ/૧૦૨૦૦૦ /ન.બા-/૩૪/ગ,તા.૨૬/૨/૨૦૦૪

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગરનો ઠરાવ નં.અજાક/૧૩૦૬/ન.બા /૦૪ /ગ,તા.૨૬/૩/૨૦૦૭

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગરનો પત્ર નં.અજક /૧૩૦૮ /૧૧૦૯/ગ, તા.૩૧/૫/૨૦૦૮

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગરનો ઠરાવ નં.અજાક/૧૦૨૦૧૧ /૧૧૯/ગ તા.૪/૪/ ૨૦૧૧

(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગરનો ઠરાવ નં.અજાક/૧૦૨૦૧૧/ ન-બા-૩/ગ, તા.૧૩/૪/૨૦૧૨

(૯) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગરનો ઠરાવ નં.પરચ/૧૦૨૦૦૦/ ન-બા-૩૪/ગ, તા.૧૬/૬/૨૦૧૨

(૧૦) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગરનો ઠરાવ નં.પરચ/૧૦૨૦૦ /ન.બા/૩૪/ગ,તા.૨/૭/૨૦૧૨

(૧૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગરનો ઠરાવ નં.સસપ/૧૦૨૦૧૪ /૪૩૮/અ.૧/તા.૭/૮/૨૦૧૪

ઠરાવ

આમુખમાં દર્શાવેલ વંચાણ ૧ થી ૧૧ પરના "માઇ રમાબાઇ આંબેડકર સાતફેરા સમુહ લગ્ન યોજના"ને લગતા સરકારશ્રીના તમામ ઠરાવો/પરીપત્રો /પત્રથી પ્રસ્તુત યોજનાનો અમલ કરવામાં આવી રહેલ છે.આ યોજનાનો અમલ કરવામાં જુદાજુદા ઠરાવોની સંખ્યા ઘણી વધી જાય

છે.તેથી તેનો અમલ કરવામાં તથા અરજદારોને સમજ પાડવામાં ક્યાંક કયાંક મુશ્કેલીઓ સર્જાય છે.તેથી આ સમગ્ર યોજનને આવરી લેતા તમામ ઠરાવોનો એક સંકલિત અધતન ઠરાવ બહાર પાડવો જરૂરી જણાતા સાતફેરા સમુહ લગ્ન યોજનાને લગતા સરકારશ્રીના ઉપરોક્ત વંચાણે લીધેલ ૧ થી ૧૧ પરના તમામ ઠરાવો/પરીપત્રો/હુકમો ની શરતો અને જોગવાઇ ને આધીન રહી "માઇ રમાબાઇ આંબેડકર સાત ફેરા સમુહ લગ્ન યોજના " નો નીચે પ્રમાણેનો સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવે છે.

(૧) <u>સહાયની રકમ</u>

(અ) આ યોજના હેઠળ ઓછામાં ઓછા દસ યુગલોના સમુહ લગ્નમાં ભાગ લેનાર અનુ.જાતિના દરેક યુગલને, સમુહ લગ્ન વખતે જ રૂા.૧૦,૦૦૦/- (રૂપિયા દશ હજાર પુરા) ચેકથી કન્યાના નામે ચુકવવામાં આવશે.

(બ) સમુહલગ્નોનું આયોજન કરવા માટે આયોજક સંસ્થાઓને પ્રોત્સાહન મળે તે હેતુસર આવા સમુહલગ્ન યોજનાર સંસ્થાઓને યુગલદીઠ રૂા.૨૦૦૦/-લેખે પ્રોત્સાહક રકમ વધુમાં વધુ રૂ.૫૦,૦૦૦/-ની મર્યાદામાં મંજુર કરવામાં આવશે.પરંતુ આવા સમુહ લગ્નોમાં ઓછામાં ઓછા અનુ.જાતિના ૧૦ યુગલો લગ્ન ગ્રંથીથી જોડાયેલ હોવા જોઈએ.

(ક) સામાજિક રૂઢી-રીવાજોમાંથી બહાર આવી સામાજિક ઉત્થાન પ્રક્રીયામાં વેગ લાવવામાં સહભાગી થવા બદલ સમુહ લગ્નમાં ભાગ લેનાર યુગલોને તેમજ સમુહ લગ્નનું આયોજન કરનાર સંસ્થાઓને પ્રશસ્તિપત્રો આપવામાં આવશે.

(૨) <u>આ યોજનાનો લાભ નીચેની શરતોને આધિન આપવાનો રહેશે.</u>

(૧) આ યોજનાનો લાભ અનુ.જાતિઓને (ગુજરાત રાજ્યના મૂળ વતનીઓને) જ મળવાપાત્ર છે.

(૨) કુમારીકાના માતા/પિતા/વાલીની વાર્ષિક આવક શહેરી વિસ્તાર માટે રૂા.૬૮૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૪૭૦૦૦/-થી વધુ ન હોવી જોઈએ. આ ઠરાવમાં દર્શાવેલ સક્ષમ અધિકારીશ્રીઓ /પદાધિકારીશ્રીઓ પાસેથી મેળવેલ વાર્ષિક આવકના પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે.

(૩) અનુ.જાતિના કુટુંબની સમુહ લગ્નમાં લગ્ન ગ્રંથીથી જોડાનાર પુખ્તવયની કન્યાના લગ્ન પ્રસંગે આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર રહેશે.પુનઃલગ્નના કિસ્સામાં આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર રહેશે નહી.

(૪) આ યોજનાનો લાભ મેળવવા માટે લગ્ન નોંધણી પ્રમાણપત્ર ફરજીયાત રજુ કરવાનું રહેશે.

(૫) લગ્ન કરનાર કન્યા અને યુવકના ઉંમરના પુરાવા ફરજીયાત રજુ કરવાના રહેશે.

(૬) લગ્ન કરનાર કન્યાના સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ જાતિ અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

(૭) લગ્ન કરનાર કન્યા અને યુવકનો લગ્ન સમયનો સંયુક્ત કલર ફોટો રજુ કરવાનો રહેશે.

(૮) આ યોજનાનો લાભ મેળવવા માટે અરજદારે નિયત અરજી પત્રકમાં જરૂરી વિગતો, આધાર-પુરાવા સહ અરજી કરવાની રહેશે. આ અંગેના અરજી પત્રક,એકરારનામું તથા આવકના દાખલાના નમુના આ ઠરાવ સાથે સામેલ નમુના મુજબના રહેશે.

(૯) આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છતા લાભાર્થીએ/કુમારીકાએ/સમુહ લગ્નનું આયોજન કરનાર સંસ્થાએ લગ્નની તારીખથી બે વર્ષમાં સંબંધિત અધિકારીને અરજી કરવાની રહેશે. મુદત બહાર મળેલ અરજીઓ નામંજુર કરવાની રહેશે.

(૧૦) સમૂહ લગ્નમાં ભાગ લેનાર લાભાર્થી કન્યા સાત ફેરા સમૂહ લગ્ન યોજના તેમજ કુંવરબાઇનું મામેરું યોજનાની તમામ શરતો પરિપૂર્ણ કરતી હોય તો આ બંન્ને યોજનાઓ હેઠળ લાભ મેળવવા પાત્ર ઠરશે.

(૧૧) આ યોજનાનો લાભ મેળવવા માટે યુગલ પૈકી કન્યાના માતા-પિતા-વાલીની વાર્ષિક આવકનું પ્રમાણપત્ર નીચે જણાવેલ અધિકારીશ્રી/પદાધિકારીશ્રીનું માન્ય ગણવામાં આવશે.

<u>આવક અંગેનો દાખલો નીચેના અધિકારીઓ/પદાધિકારીઓ પૈકી કોઈપણ એક પાસેથી મેળવીને અરજી સાથે જોડવાનો રહેશે.</u>

(૧) તલાટી-કમ-મંત્રી
(૨) સંબંધિત ગ્રામ/નગર પંચાયતના સરપંચ
(૩) સંબંધિત તાલુકાના નાયબ તાલુકા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારી
(૪) સંબંધિત તાલુકાના નાયબ મામલતદાર અને મામલતદાર
(૫) સંબંધિત જિલ્લા/તાલુકા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન,
(૬) સંબંધિત જિલ્લા/તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ,
(૭) વર્ગ-૧ અથવા વર્ગ-૨ના કોઈપણ રાજ્ય પત્રિત અધિકારી
(૮) સંબંધિત જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી
(૯) સંબંધિત જિલ્લાના નાયબ કલેક્ટર અને કલેક્ટર
(૧૦)સંસદ સભ્યશ્રી/ધારા સભ્યશ્રી
(૧૧) નગર પંચાયતના સેક્રેટરી
(૧૨) સંબંધિત નગરપાલીકાના ચીફ ઓફિસર,
(૧૩) સંબંધિત નગરપાલીકા/મહાનગર પાલીકાના અનુ.જાતિના મ્યુનિ.કાઉન્સીલર/મ્યુનિ.કોર્પોરેટર
(૧૪) સંબંધિત નગરપાલીકા/મહાનગર પાલીકાના જુદી-જુદી સમિતિઓના ચેરમેનશ્રીઓ
(૧૫) સંબંધિત નગરપાલીકા/મહાનગર પાલીકાના મેયરશ્રી/ડેપ્યુટી મેયરશ્રી.

<u>જાતિ અંગેનો દાખલો નીચેના અધિકારીઓ પૈકી કોઈપણ એક પાસેથી મેળવીને અરજી સાથે જોડવાનો રહેશે.</u>

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટ/વધારાના જિલ્લા મેજીસ્ટ્રેટ/નાયબ કમિશ્નર/કલેક્ટર/વધારાના નાયબ કમિશ્નર/નાયબ કલેક્ટર/પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટ/સીટી મેજીસ્ટ્રેટ/પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ (પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટથી ઉતરતી કક્ષાના નહીં) /તાલુકા મેજીસ્ટ્રેટ/કાર્યપાલક મેજીસ્ટ્રેટ.
(૨) મુખ્ય પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ/વધારાના મુખ્ય પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ/પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ
(૩) સમાજ કલ્યાણ નિયામક અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી.
(૪) મામલતદારથી નીચેની કક્ષાના નહી એવા મહેસૂલી અધિકારીઓ

(૫) ઉમેદવાર અથવા તેનું કુંટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટા વિભાગીય અધિકારી.

(૬) વહીવટદાર/વહીવટદારના સેક્રેટરી/વિકાસ અધિકારી/લક્ષદીપ અને મિનિકોષ ટાપુઓ.

(૭) જિલ્લા વિકાસ અધિકારીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ./તાલુકા વિકાસ અધિકારીઓ.

(૮) નાયબ નિયામક,અનુ.જાતિ કલ્યાણ,વર્ગ-૧.

આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ બજેટ સદરે કરવાનો રહેશે, અને ચાલુ વર્ષની પ્લાન સીલીંગની મર્યાદામાંથી મેળવવાનો રહેશે.

બજેટહેડ

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક : ૯૨ મુખ્ય સદર ૨૨૨૫,અનુજાતિઓ,અનુ.આદિ જાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ મુખ્ય પેટા સદર – ૦૧ અનુસુચિત જાતિઓનુ કલ્યાણ,ગૌણ સદર – ૮૦૦ અન્ય ખર્ચ બી.સી.કે. ૫૭ અનુસુચિત જાતિનાં સમુહ લગ્ન અંગે આર્થિક સહાય સદર હેઠળ ઉધારવાના રહેશે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ

નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

નાણાં સલાહકારશ્રી (સા.ન્યા) સચિવાલય, ગાંધીનગર

નિયામકશ્રી, અજાક, ગુજરાત રાજ્ય,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નિયામકશ્રી, વિજાક, ગુજરાત રાજ્ય,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

સર્વે જિલ્લા નાયબ નિયામક (અનુસૂચિત જાતિ), (નિયામકશ્રી (અજાક) મારફત)

સર્વે.સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) નિયામકશ્રી (અજાક)મારફત)

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી (અજાક) મારફત)

બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.

મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત સફાઇકામદાર વિકાસ નિગમ ગાંધીનગર.

સિલેકટ ફાઇલ